ગાંધીનગર સમાચાર

ઘ-૫ ફુડકોર્ટમાં શેડ તાણી દેનાર ૩૮ દબાણકર્તાઓને નોટીસ

# સે-૨૮ જીઆઈડીસીમાં ગંદકી-અસુવિધાથી હાલાકી

## શહેરના સૌથી વધુ ધમધમતા ઔદ્યોગિક વિસ્તારમાં રોડ-રસ્તાના ઠેકાણા નથી : ઠેર ઠેર ખાડાઓનું સામ્રાજય : ગટરો ઉભરાવાથી ગંદા પાણીના ખાબોચિયાથી રોગચાળો ફેલાવાની દહેશત

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં શહેરી વિસ્તારના રોડ-રસ્તા તેમજ અન્ય સુવિધાઓ બહારગામથી આવતા મુલાકાતીઓને ખૂબ આકર્ષે છે. પરંતુ આ જ ગાંધીનગરના ઔદ્યોગિક વિસ્તારમાં જયાં રોડનું માળખું અત્યંત જરૂરી છે ત્યાં રોડ રસ્તાના ઠેકાણા નથી. વળી અનેક ઠેકાણે ગટરના પાણી ઉભરાવાથી ગંદકીના ફેલવા સાથે રોગજન્ય જીવાણુનો ઉપદ્રવ થઈ રહ્યો છે. સેકટર-૨૮ની જીઆઈડીસી શહેરનો સૌથી વધુ ધમધમતો ઔદ્યોગિક વિસ્તાર હોવા છતાં અહીં તંત્રની સૌથી વધુ બેદરકારી ઉડીને આંખે વળગે તેવી છે.

સેકટર-૨૮માં ગાંધીનગરનો સૌથી જુનો ઔદ્યોગિક વિસ્તાર આવેલો છે. અહીંની જીઆઈડીસીમાં પાવર કંપની, ટ્રાન્સપોર્ટ કંપની, પ્રિન્ટીંગ પ્રેસ, ફર્નિચર ઉત્પાદકો સહિત મોટા પાયે મોટો મોબાઈલ ઉદ્યોગ વિકસેલા





જોવા મળે છે. અહીં શહેરના વાહનોના સૌથી મોટા શો-રૂમ આવેલા છે. અહીં સતત વ્યવસાયિકો, ધંધાર્થીઓ, શ્રમજીવીઓ, ગ્રાહકો અને અન્ય મુલાકાતીઓની મોટા પ્રમાણમાં અવરજવર રહે છે. આમ છતાં આ જીઆઈડીસીમાં પાકા રસ્તા પણ શોધ્યા જડતા નથી. વળી જે રસ્તા છે તેના પર પડેલા ખાડા જીઆઈડીસીના લોડીંગ વાહનચાલકો માટે તો માથાનો દુઃખાવો બનેલા છે પરંતુ સામાન્ય વાહનચાલકો માટે પણ પરેશાનીરૂપ બનેલ છે. અહીં જીઆઈડીસી વિસ્તારમાં પાણી-ગટર વગેરેની વ્યવસ્થા તો છે પરંતુ ઘણે ઠેકાણે ગટરો ચોકઅપ થઈ ઉભરાવાની સમસ્યા જોવા મળે છે. ગટરો ઉભરાવાથી ખાબોચિયા ભરાયા છે જેના કારણે અહીં રોગજન્ય જીવાણુઓની ઉત્પત્તિ થવાનો ખતરો સર્જાયો છે. એક તરફ બેવડી ઋતુની મૌસમ ચાલી રહી છે અને વાઈરલ રોગો નાગરિકોને ઝડપથી શિકાર બનાવી રહ્યા છે ત્યારે આ જીઆઈડીસીના ખાબોચિયા મુલાકાતીઓ માટે રોગનો ભોગ બનાવી શકે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે.

શહેરમાં ઔદ્યોગિક ઉત્પાદન થકી આર્થિક સધ્ધરતા બક્ષતી સે-૨૮ની જીઆઈડીસીમાં જ સવલતો અને સુવિધાના નામે મીંડુ હોઈ અહીંના વ્યવસાયકો અને વેપારીઓમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. સત્વરે અહીં રોડ રસ્તાની કામગીરી હાથ ધરાય અને પાકા રોડ બને તથા ચોકઅપ ગટરોની સફાઈ હાથ ધરી ગંદા પાણીના ખાબોચિયા વગેરેનો નિકાલ કરાય તેવી માંગ પ્રવર્તી રહી છે.

## @ગાંધીનગર

● શિવમ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાત્રે ૮ કલાકે સે-૧૭ ટાઉનહોલ ખાતે 'નન્હી મુસ્કાન' લોક ડાયરો યોજાશે.

### આજે સે-૨-એ ખાતે કડવા ચોથની પૂજા યોજાશે

ગાંધીનગર, તા.૧૮

આવતીકાલે ભારતભરમાં પતિના દિર્ઘાયુ માટે પ્રાચીનકાળથી પ્રચલિત કડવાચોથનું વ્રત ઉજવાશે. ગાંધીનગરમાં પણ આ વ્રતનો મહિમા વધતો જાય છે. ગાંધીનગરમાં સે-૨-એ ખાતે છેલ્લા ૧૧ વર્ષથી ભૂમિ જોગાણી દ્વારા કડવા ચોથની પારંપારિક પૂજાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૧૯મી ઓકટોબર બુધવારે સાંજે ૪ કલાકે પ્લોટ નં. ૭/૨ ખાતે કડવા ચોથની પૂજાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પૂજામાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદની મળીને આશરે ૭૦થી વધુ મહિલાઓ ભાગ લેશે. આ પૂજામાં આયોજક ભૂમિ જોગાણી દ્વારા ફેનિયા આપવામાં આવશે. આ કડવા ચોથની પૂજાનો લાભ લેવા શહેરની પરિણિત મહિલાઓને તેમણે અનુરોધ કર્યો છે.

### ખેલ મહાકુંભમાં જે.એમ. ચૌધરી શાળાની બહેનોનો હોકી અને ખોખો રમતમાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૧૮

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા અને મહાત્મા ગાંધી વિદ્યા મંદિર સે-૧૬ ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં શહેરની જે.એમ. ચૌધરી વિદ્યાલયની બહેનોએ ભાગ લઈ ખોખો તેમજ હોકીમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. જેમાં ખોખોમાં અંડર-૧૭માં પ્રથમ, અંડર-૧૭ હોકીમાં દ્વિતિય ક્રમ જયારે હોકી અંડર-૧૭ (બી)માં પ્રથમ ક્રમ મેળવ્યો છે. તેવી જ રીતે હોકી અંડર-૧૯માં પ્રથમ ક્રમ જયારે અંડર-૧૯માં ખોખોની ટીમે પ્રથમ ક્રમ મેળવી બહેનોએ શાળાને ગૌરવ અપાવ્યું છે.જે ટીમો જિલ્લા કક્ષાએ વિજેતા બની છે તે ટીમો હવે આગામી સમયમાં રાજયકક્ષામાં ભાગ લેવા જશે. વિજેતા બહેનોને શાળાના આચાર્ય સંતોકબેન ચૌધરી તથા શાળાના વ્યાયામ શિક્ષિકા બહેનો વિનાક્ષીબેન સુતરીયા, લીલાબેન ચૌધરી તથા હેતલબેન દેસાઈએ અભિનંદન પાઠવ્યા હતા.

## વાતવાતમાં

● શહેરના ઘ-૪ થી ઘ-૫ તરફના માર્ગે વન વિભાગની ફેન્સિંગના સથવારે ઉભા થયેલ નવા પાથરણા બજાર પર તંત્રએ સપાટો બોલાવ્યો હતો. આ પાથરણા બજારના તમામ દબાણકર્તા વેપારીઓને આ જગ્યાએથી ખદેડી મુકવામાં આવ્યા હતા.

● મંગળવારનો દિવસ શહેરમાં દબાણકર્તાઓ પર તવાઈનો દિવસ બની રહ્યો હતો. ઘ-પની ફુડ કોર્ટમાં ફાળવેલ જગ્યા ઉપરાંત શેડ વગેરેથી દબાણ કરનાર ખાણી પીણીના ૩૮ વ્યવસાયિકોને નોટીસ ફટકારવામાં આવી છે.

● શહેરના ગ માર્ગ પર સે-પના સીએનજી પંપ સામેના મુખ્ય માર્ગે શાળાના ટયુશન કલાસમાંથી પરત ફરી રહેલ સાયકલ સવાર બાળક બાઈકની હડફેટે આવી ગયો હતો. આ અકસ્માતમાં બાળકને સામાન્ય ઈજાઓ થવા પામી હતી.

● શહેરના ઘ-૦ સર્કલથી સરગાસણ તરફ જવાના માર્ગે એક કાર અને બાઈક સવાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક સવારને સામાન્ય ઈજાઓ થવા પામી હતી.

● શહેરમાં દિવાળીની તૈયારીઓ પૂરજોશમાં ચાલુ થઈ ગયેલી જોવા મળે છે. શહેરના શો રૂમ્સ અને દુકાનો ઉપરાંત કોમર્શિયલ ઓફિસો વગેરેને દિવાળીના દિવડાં, ફટાકડા વગેરેની ડિઝાઈન સાથે આકર્ષક રોશનીથી શણગાર સજાવેલા જોવા મળી રહ્યા છે.







ગાંધીનગર એસ.ટી ડેપોની એક બસ સર્વિસીંગ માટે અમદાવાદ લઈ જવાઈ હતી. સમી સાંજે આ બસ અમદાવાદથી ગાંધીનગર પરત આવી રહી હતી ત્યારે રાયસણ પેટ્રોલ પંપ સામેનાં માર્ગ પર અચાનક સ્પાર્ક થતા બસમાં આગ પકડાઈ હતી. બસનાં કેબીન તરફથી આગ શરુ થતા ડ્રાઈવરે બસ સાઈડમાં ઉભી કરી દીધી અને ફાયર એસ્ટીંગ્યુઝરનો ઉપયોગ કરી આગને કાબુમાં લેવા પ્રયત્ન કર્યો હતો. ગાંધીનગર ફાયર ઓફેસર મહેશ મોડ તેમની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવીને આગને વધુ ફેલાતા અટકાવી મોટુ નુકસાન થતુ બચાવી લીધુ હતુ. સદભાગ્યે આ ઘટનામાં બસ મુસાફર ભરેલી ન હોવાથી કોઈને ઈજા કે મોટુ નુકશાન થવા પામ્યુ ન હતુ.

# ઉરીના શહીદ જવાનો માટે આરોગ્યના અધિકારી મંડળ દ્વારા આર્થિક સહાય

ગાંધીનગર, તા.૧૮

જાહેર આરોગ્ય ખાતાના વહીવટી અધિકારી વર્ગ-૨ના મંડળ ગુજરાત રાજય ગાંધીનગર બ્લોક નં. ૫ ડૉ. જીવરાજ મહેતા ભવન સચિવાલય દ્વારા ઉરીમાં આતંકવાદીના ભીષણ હુમલામાં શહીદ થયેલા ૧૮ જવાનોના પરિવારોને આર્થિક મદદ મળી રહે તે અંગે સ્વૈચ્છિક ફંડ એકત્ર કરી રૂ. ૮૦,૦૦૦ની આર્થિક સહાય મંડળ દ્વારા સૈનિક કલ્યાણ ખાતામાં જમા કરાવી છે.

રાષ્ટ્રની રક્ષા માટે પોતાના પ્રાણની પરવા કર્યા વિના દેશના સીમાડાઓ અને સાર્વભૌમત્વનું રક્ષણ કરનાર આપણા વીર સૈનિકો આતંકવાદી હુમલામાં લડતા લડતા શહીદ થાય છે ત્યારે તાજેતરમાં ઉરી સેકટરના વિસ્તારમાં થયેલ આતંકવાદીના ભીષણ હુમલામાં ૧૮ સૈનિકો મા-ભોમની રક્ષા કાજે શહીદ થયા છે. આવા પોતાના પ્રાણ ન્યોચ્છાવર કરનાર વીર સૈનિકોનું ઋણ આપણે સૌ ભારતવાસી અદા કરી શકીએ તેમ નથી પરંતુ શરીદ સૈનિકોના પરિવાર પર આવી પડેલ આપત્તિના આપણે સૌ ભાગીદાર થઈને શહીદ સૈનિકોના પરીવારની સાર સંભાળ માટે અને તેમના પોતાના જીવન નિર્વાહ સ્વમાનભેર કરી શકે તે માટે આપણાથી બનતું તમામ કરવાની આપણી સૌ નાગરિકોની ફરજ છે ત્યારે રાજયના આરોગ્ય વિભાગમાં અધિકારી તરીકે ફરજ બજાવતા વહીવટી અધિકારી મંડળ વર્ગ-૨ના એસોસિએશન સભ્યોએ પોતાની નૈતિક જવાબદારી સમજી શહીદ સૈનિકોનું ઋણ અદા કરવા સ્વૈચ્છિક ફંડ એકત્ર કરેલ છે. જે રૂ. ૮૦,૦૦૦ની રકમ સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ ગુજરાત રાજયના બેંક એકાઉન્ટમાં જમા કરાવી 'ફુલ નહીં તો ફુલની પાંખડી' સ્વરૂપે આર્થિક સહાય અર્પણ કરી છે.

# ઘ-૫ ફુડકોર્ટમાં શેડ તાણી દેનાર ૩૮ દબાણકર્તાઓને નોટીસ

## દબાણ શાખાએ દિન-૭ ની નોટીસ ફટકારી : શેડ ઉતારી નહી લેવાય તો બુલડોઝર ફેરવી દેવાશે

ગાંધીનગર, તા.૧૮

શહેરનાં ઘ-૫ ખાતે ખાણીપીણી બજાર દબાણમાં ચાલતુ હતુ એટલે તંત્રએ આ નડતર બંધ થાય તે માટે ફુડકોર્ટની ફાળવણી કરી..! જો કે હમ નહિ સુધરેંગે ની નિતી સાથે ચાલતા આ કેટલાક વેપારીઓએ ફુડકોર્ટમાં પણ તોતિંગ દબાણ ઉભા કરી દીધા અને જેના માટે ફુડકોર્ટ ફળવાઈ તે હેતુ તો સિધ્ધ ન જ થયો કેમ કે ત્યા તો હજુ લારીઓ ધમધમી રહી છે.!!! ફુડકોર્ટની જેટલી દુકાન તંત્રએ આપી છે તેના કરતા ત્રણ ગણી બહારની જગ્યા પચાવી પાડીને લાંબા શેડ તાણી દીધા હોવાનું તંત્રને ધ્યાને આવતા આજે દબાણ શાખાએ આવા દબાણકર્તાઓનો સર્વે કરીને દબાણ કરનાર ૩૮ વેપારીઓને દિન-૭ માં શેડ તોડી પાડવાની નોટીસ ફટકારી છે.

મહાનગરપાલિકાની દબાણ શાખાને ફુડકોર્ટનાં તોતિંગ દબાણની ફરિયાદ મળતા કેટલા વેપારીઓએ પોતાની દુકાન બહાર દબાણ કર્યા છે તેનો સર્વે કર્યો હતો. ફુડકોર્ટમાં બે-પાંચ નહિ પરંતુ ૩૮ વેપારીઓએ ત્રણ ગણી જગ્યામાં શેડ તાણી મુકીને દબાણ કર્યા હોવાનુ દબાણ શાખાનાં સર્વેમાં બહાર આવ્યુ હતુ. કમિશ્નરની સુચનાથી દબાણ શાખાએ ફુડકોર્ટના આ તમામ ૩૮ દબાણકર્તાઓને લેખિત નોટીસ ફટકારી છે અને દિન-૭ માં જો વેપારીઓ દબાણયુક્ત શેડ હટાવી લેશે નહિ તો તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરાશે. દબાણ અધિકારી મહેશ મોડનાં જણાવ્યાનુસાર ઘ-૫ ફુડકોર્ટમાં ૩૮ વેપારીઓને નોટીસ ઈસ્યુ કરવામાં આવી છે અને જો વેપારીઓ નોટીસની સમય મર્યાદામાં દબાણ નહિ હટાવે તો અમારી ટીમ બુલડોઝર ફેરવી દઈને દબાણ તોડી પાડશે અને વેપારીઓ સામે એક્શન લેશે.

# સ્કૂલ ઓફ અચિવરનો નોખો-અનોખો સંબંધોત્સવ









ગાંધીનગર, તા.૧૮

સ્કૂલ ઓફ અચિવર પરિવારમાં માનવસંબંધોનું વિશેષ જતન થાય છે જે સંસ્થા-સંગઠન માટે અતિ અનિવાર્ય હોય છે. પ્રતિ વર્ષ કર્મચારીઓનો સપરિવાર મિલન સમારોહ ઉજવાય છે. આ વર્ષે પણ તા. ૧૫મી ઓકટોબરે આ સમારોહ 'અચિવર પરિવાર સંબંધોત્સવ-૨૦૧૬'ના શીર્ષક હેઠળ યોજાઈ ગયો.

સેવકગણથી માંડી કલાર્ક, શિક્ષક, પ્રિન્સીપાલ તથા ટ્રસ્ટી મંડળ સૌ પરિવારના સદસ્યો સહિત સ્કૂલ ઓફ અચિવર-સેન્ટર કોર્ટયાર્ડમાં સાંજે મળ્યા ત્યારે દષ્ટિગોચર થતો હતો સૌનો ઉમંગ-ઉલ્લાસ અને એકમેકનો સ્નેહ. પ્રથમ સેશન રમત ગમતનો હતો. ફલાઈંગ ફોકસ, બન્ઝી જમ્પીંગ જેવી એડવેન્ચર ગેમ્સ ઉપરાંત લેમન રેસ, હુક રેસ, શેક રેસ, બલુન રેસ, ટગ ઓફ વોર, ઓબ્જેકટ રેસ જેવી ફન ગેમ્સમાં ઉંમરને પણ અવગણી સૌ પરિવારજનોએ ઉલ્લાસપૂર્વક ભાગ લીધો હતો.

ત્યાર પછી ક્રમ હતો ભોજનનો. સ્નેહપૂર્ણ ભોજનની સમાંતરે ગીત-સંગીત-નૃત્યમાં સૌ પરિજનો વ્યસ્ત થયા. મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પ્રજ્ઞેશભાઈ સદભાવને ઈશારે પ્રત્યેક ઈશારેદારે મંચ પર આવી 'કરોકે' સીસ્ટમને સહારે ગીત રજૂ કર્યું. આખી ઈવેન્ટના હાર્દરૂપ કાર્યક્રમ હતો ફની એવોર્ડસ પ્રોગ્રામ. અચિવર પરિવારના પ્રત્યેક સભ્યની પ્રકૃતિ અનુરૂપ નોમીનેશન નિશ્ચિત થયું હતું અને પ્રત્યેક એવોર્ડ માટે લકી ચીટ દ્વારા વ્યકિતને પસંદ કરાઈ હતી. નિખાલસતા, ખેલદિલી અને પરસ્પર સ્નેહવૃત્તિ આ કાર્યક્રમની નીપજ હતી. છેલ્લે આબાલવૃદ્ધ સૌ સભ્યો સાથે મળી ગરબાના તાલે ઝૂમ્યા હતા.

# આજે પણ ગ્રામીણ સમાજમાં ભવાઈ-હાલરડાં જીવંત

## જેના ઘરે દિકરો જન્મ્યો હોય ત્યાં વધામણી રૂપે નાયક જ્ઞાતિનો સમુદાય ભાઈને હાલરડાં થકી આર્શીવાદ અર્પે છે

ગાંધીનગર, તા.૧૮

ગુજરાતની ગૌરવવંતી ધરતી પર સંસ્કૃતિની ઓળખ અને જાળવણીનો કલા સંસ્કૃતિનો વારસો હજુ પણ ગ્રામ્ય વિસ્તારોમાં જોવા મળી રહ્યો છે. જેના ઘરે દિકરાનો જન્મ થયો હોય ત્યાં નાયક જ્ઞાતિની કેટલીક વ્યકિતઓ ભવાઈ અનો હાલરડાં કરી વધામણી કરતા હોય છે. જેમાં માં બહુચરના આર્શીવાદ અપાતા હોય છે. ગ્રામ્ય વિસ્તારોમાં નવરાત્રી પછી દિવાળી પર્વના પૂર્વે પ્રથમ ખોળાના દિકરા માટે આ પ્રાચીન સંસ્કૃતિ હાલમાં પણ અમલમાં છે જેને ગ્રામ્ય લોકો હરખભેર આવકારી તેનો આનંદ લેતા હોય છે તો આ નાયક સમુદાય તેમની પરંપરાને જાળવી રાખી રોજી રોટી રળી લેતી હોય છે.

શહેરી વિસ્તારોમાંથી અદશ્ય થયેલી પ્રાચીન સંસ્કૃતિની કલા ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ જીવંત છે. ઠાકર વંશજો કહેવાતા નાયક (હિન્દુ તરગાળા) ગ્રામ્ય વિસ્તારોમાં મશાલના અજવાળે માતાજીની જાતર, ભવાઈ, હાલરડાં ગીત કરી આજીવીકાને બરકરાર રાખી છે. ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લોકોની તમામ વિગતો પેઢી દર પેઢી આ નાયક સમુદાય જાળવી રાખે છે અને તેને કાર્યરત પણ કરે છે. વર્ષો અગાઉ તેમના બાપ દાદાએ શરૂ કરેલી આ પરંપરા જાળવીને દરેક નાયક પરિવારને ગામડાં વહેંચી દીધા હોય છે તે મુજબ તેઓ તેના ચોપડાં પણ રાખતા હોય છે.



હાલ ગામડાઓમાં આ નાયક સમુદાયના કેટલાક લોકો પ્રથમ ખોળાના દિકરાની વધામણી માટે પહોંચી ગયા છે અને ગામના ચોકમાં, ધાર્મિક સ્થળોએ કે પછી ઘર આંગણે ભવાઈના ખેલ કરી દીકરાને હાથમાં તેડી માં ઉમિયા અને બહુચરમાના વરદાન મુજબ સારા આર્શીવાદ આપે છે. જેમાં માતાજીની પૂજા અર્ચના અને ભકિતનું પણ સમન્વય થાય છે. હાલરડાં પ્રથામાં કૌટુંબિક પરિવાર ભેગા મળી ભવાઈ ખૈલેયાઓને પાકુ ભોજન, ભેટ-સોગાદ, રોકડ બક્ષિસ, વસ્ત્ર તથા વાસણનું દાન પણ આપે છે. ચિલોડામાં ચાલી રહેલી ભવાઈમાં પ્રાણસુખભાઈ નાયક, રાકેશભાઈ નાયક, મુળાભાઈ, શંકરભાઈ તથા રમેશભઈ નાયકની ટીમ આ પરંપરાને દોહરાવી રહી છે. વર્ષો અગાઉ ની આ પ્રાચીન સંસ્કૃતિમાં પુરુષ જ મહિલાનો વેષ ધારણ કરી ભવાઈ તથા હાલરડાં કરતા હતા જે હાલ પણ બરકરાર જ છે. કલાના આ અદભૂત પ્રદર્શન એ ગુજરાતની આગવી ઓળખ છે જે માતાજીના વરદાન સ્વરૂપે ગ્રામ્ય વિસ્તારોમાં પ્રદર્શિત થઈ રહી છે અને નાયક સમુદાયની આજીવિકાનું ઉત્તમ સાધન બન્યું છે જે કલાની બક્ષિસ છે.

# ઘરફોડ વધતા શહેરમાં ફરતા શકમંદોને પકડવાનું શરુ કરાયુ

ગાંધીનગર શહેર તથા આસપાસનાં વિસ્તારોમાં ઘરફોડ ચોરીઓ ધીમે ધીમે વધવા લાગતા શહેર પોલીસે ગાંધીનગરમાં આમ-તેમ ભટકતા અને શંકાસ્પદ દેખાતા શખ્સોને પકડીને તેમની હિસ્ટ્રી તપાસવાની કામગીરી શરુ કરી છે.

તાજેતરમાં શહેર તથા આસપાસનાં કુડાસણ સહિતનાં ન્યુ ગાંધીનગર વિસ્તારમાં ઘરફોડ ચોરીઓ વધવા લાગતા પોલીસે સઘન પેટ્રોલીંગ શરુ કર્યુ છે. તે ઉપરાંત એવા શકમંદો પકડવાની કાર્યવાહી શરુ કરી છે જે પરપ્રાંતિય અને શ્રમિક છે અને તેમના ઓળખનાં કોઈ ડેટા નથી. આવા શખ્સોની પણ ઘરફોડમાં સંડોવણી હોવાનું અગાઉની તપાસમાં ધ્યાને આવેલુ છે. જેને પગલે પોલીસે આવા શખ્સોને પકડી તેમની સામે કાર્યવાહી કરી મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ કરીને પાકા જામીન લેવડાવ્યા છે. આ શકમંદોની પુછપરછ પણ કરવામાં આવી જો કે કાંઈ મળી આવ્યુ નથી. સે-૭ પોલીસ મથકનાં ડીસ્ટાફની ટીમે એક જ દિવસમાં આવા દિવસે ૨૨ અને રાત્રે એક શખ્સની અટકાયત કરી હતી. તે ઉપરાંત ૩૦ જેટલા શ્રમિકોનાં બી-રોલ ભરી કાર્યવાહી તેજ બનાવી છે.

## ચિરવિદાય

- સ્વ. દાજીભાઈ અરજણભાઈ રબારી, ઉ.વ. ૧૦૦
- સ્વ. મહેશભાઈ સાહેબરાવ બૈસાની, ઉ.વ. ૩૫
- સ્વ. સુરેશભાઈ વાડીલાલ દંતાણી, ઉ.વ. ૫૦
- સ્વ. શનાજી સોમાજી ઠાકોર, ઉ.વ. ૬૫